જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત
બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧
:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨
:- suratdeo@gm...
web :-www.suratdeo.or

જા.નં./મા-૨/૨૦૨૪/17310

તા.૨૧/૧૨/૨૦૨૪
૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ઉદાર હાથે ફાળો આપવા બાબત.
**સંદર્ભ:-** જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સરથાણા, સુરતનો પત્ર ક્રમાંક: જસકસ/૨૩૨/બઠક-૨૫/ધદન/૨૦૨૪ તા.૧૪/૧૦/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સરથાણા, સુરતનો તા.૧૪/૧૦/૨૦૨૪ પત્ર અન્વયે સશસ્ત્ર સેના ધ્વજદિન ૨૦૨૩-૨૪નો ઉજવણી માટે એક દિવસના વેતન જેટલું સ્વૈચ્છિક ભંડોળ માટે તમામ શાળાઓને અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉક્ત પરિપત્રની નકલ

आज़ादी का
अमृत महोत्सव

ટેલી નં : ૦૨૬૧-૨૯૧૩૮૨૦/૯૪૨૬૮૦૨૮૨૦
E-mail: adswro-zsbsrt@gujarat.gov.in

જસકક/૨૩૨/બઠક-૨૫/ધદન/૨૦૨૪
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી
ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સી પાછળ
સરથાણા, સુરત – ૩૯૫ ૦૧૩

તારીખ : ૧૪/૧૦/૨૦૨૪

પ્રતિ,

.......................................................

.......................................................

.......................................................

વિષય : સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં ઉદાર હાથે ફાળો આપવા બાબત

શ્રીમાન/શ્રીમતી,

૧. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ૦૭ ડિસેમ્બર ના રોજ સમગ્ર દેશમાં સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવશે. સશસ્ત્ર સેના ધ્વજદિન એ આપણા માટે એક મોટો અવસર છે. દેશની સુરક્ષા અને અખંડિતતા માટે સદાય તત્પર રહેનાર આપણા શૂરવીર સૈનિકોના અભિવાદન કરવાનો આ એક દિવસ છે. આપણું સૈન્ય કુદરતી કે બિન કુદરતી આપદાઓની ઘડીમાં પણ નાગરિક પ્રશાસનને મદદ અને સહાયતા પહોચાડવા અગ્રેસર હોય છે. દેશની એકતા સામેના પડકાર ઝીલવા તત્પર આપણા સૈનિકો હસંતા મુખે શહાદત વહોરીલે છે, તો કેટલાક શારીરિક ક્ષતિગ્રસ્ત પણ બને છે. આપણા જવાનો દેશ સેવાની ભાવના અપનાવી લડાઇને મોરચે પોતાના પ્રાણોની પણ પરવા કર્યા વગર માતૃભૂમિના રક્ષણ કાજે શહીદ થવા તથા પોતે બધાજ દુ:ખો ભોગવી આપણને સ્વતંત્રતાનું સુખ આપવા તત્પર રહે છે તેમજ દેશની આંતરિક અવ્યવસ્થા વખતે પણ નાગરિકોના રક્ષણ કાજે અડીખમ ઉભા રહી સેવા આપે છે.

૨. તેઓની મહામુલી દેશ સેવા કાજે શહીદોની કુરબાની ધ્યાને લઇ તેઓના પરિવારોની સાર સંભાળ રાખવી એ દેશવાસીઓની નૈતિક ફરજ બની રહે છે. આ અંગે નાગરિકો તરફથી એકઠો કરેલ ફાળો સૈનિકો અને શહીદોના નિરાધાર પરિવારો તથા પૂર્વ સૈનિકો તેમજ તેમના પરિવારોના કલ્યાણ અને પુનર્વસવાટ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી આ ઉમદા કાર્યમાં ઉદાર હાથે ફાળો આપી આપણા શૂરવીર સૈનિકો અને તેમના પરિવારજનો પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણી પ્રદર્શિત કરવા આપ સૌને મારી હાર્દિક અપીલ છે.

1751

૩. આવા આપણા સૈનિકો, નિવૃત સૈનિકો તથા તેઓના આશ્રિતોના પુનર્વસવાટ અને કલ્યાણ માટે તમામ ઔધોગિક એકમો / સંસ્થાઓ તેમજ દેશના નાગરિકોને ઉદાર હાથે પોતાનો અમૂલ્ય ફાળો "જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સી પાછળ, સરથાણા, સુરત – ૩૯૫ ૦૧૩" ખાતે રોકડમાં અથવા "કલેકટર અને પ્રમુખશ્રી, સશસ્ત્ર સેના ધ્વજદિન ફંડ સુરત" (COLLECTOR AND PRESIDENT ARMED FORCES FLAG DAY FUND, SURAT) ના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલી આપવા તથા નાણાં જમા કરાવ્યા અંગેની જરૂરી સરકારી પહોંચ મેળવવા વિનંતી છે.

Dist. Sainik W & R Office ★ SURAT ★

(ડૉ. સૌરભ પારધી, IAS)
કલેકટર અને પ્રમુખશ્રી
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ
કચેરી, સુરત